## કિસાન પ્રાથમિક વિભાગ

## બાળ પ્રતિભા શોધ કસોટી પ્રદેશ કક્ષા ગુજરાત રાજય

બાળકોમાં નાનપણથી તેમનામાં રહેલી સુષુપ્ત શકિતઓનો વિકાસ થાય અને તેઓ પોતાના કલા કૌશલ્યોને પ્રદર્શિત કરી શકે તે હેતુસર રાજય સરકાર ધ્વારા યુવક મહોત્સવનું ચાલુ વર્ષે પણ આયોજન થયું હતુ..જેમાંના બાળ પ્રતિભા શોધ કસોટીમાં સાહિત્ય અને કલા વિભાગમાં શાળાની બે વિધાર્થીનીઓએ જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત થયેલ હતું.

1. પ્રજાપતિ સૃષ્ટિ રમેશભાઇ ધોઃ–8 નિબંધ

2. મકવાણા સંધ્યા મેહુલભાઇ ધોઃ–7 ભજન

જેમણે તા 22/12/2018 શનિવારે પ્રદેશ કક્ષાની બાળ પ્રતિભા સ્પર્ધા આણંદ મુકામે યાજાઇ હતી જેમાં સમગ્ર મહીસાગર જીલ્લાનું નેતૃત્વ કર્યું હતું.જેમાં ધોરણઃ–8 માં અભ્યાસ કરતી વિધાર્થીની પ્રજાપતિ સૃષ્ટિ રમેશભાઇ તેણીએ પોતાના ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.અને સાહિત્યમાં બાળકો રસ દાખવે તેનુ ઉતમ ઉદાહરણ પુરુ પાડયુ હતું.જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે.અને તે હવે તા 06/01/2019 ના રોજ અંજાર (કચ્છ) મુકામે રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર છે.તે બદલ તેને સમગ્ર OKC SANKUL પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

